બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, અગિયારમી આવૃત્તિ - ડિસેમ્બર ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ મહારાજ - સુરાખાચરને (૯/૨૨)

➪ એક વાર મહારાજ સભામાં માળા ફેરવતા હતા ત્યારે સુરાખાચરે પૂછ્યું : મહારાજ ! તમે કોની માળા ફેરવો ? ત્યારે

૨. ➪ સગરામની સ્ત્રી - સગરામને (૨/૧૧)

➪ પોતાની સ્ત્રીનું મન તોડામાં લોભાય નહિ માટે સગરામે તોડા પર ધૂળ વાળી. તે જોઈને સ્ત્રીએ પૂછ્યું શું કરતા હતા ત્યારે સગરામે મનની વાત કરી ત્યારે.

૩. ➪ મહારાજ - લાધીબાઈને (૧૪/૩૩)

➪ લાધીબાઈએ મહારાજને જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પૂર્ણાનંદ સ્વામી શ્રીજીમહારાજને મૂકી ચાલી નીકળ્યા. (૨૩/૬૩)

જ. પૂર્ણાનંદ સ્વામીને પોતાને બેસવાનું યોગ્ય સ્થાન જડ્યું નહિ તેથી ઊભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું આ સંત કે જેને નિર્માનીપણે રહેવાનું છે તે માન માગે છે. આમ માન ભંગ થયેલા પૂર્ણાનંદ સ્વામી ચાલી નીકળે છે.

૨. કાશીદાસને ત્યાં ધન-ધાન્યના ઢગલા થયા. (૧૨/૨૯)

જ. કાશીદાસને ગળીનો વેપાર. ગળીના કુંડમાં જીવાત બહુ મરે. હિંસા બહુ થાય. પણ ખેતીમાં કશું પાકતું નહિ તેથી કાશીદાસ શું કરે ? તારે ત્યાં સપ્તધાન પાકશે એવું વરદાન આપી મહારાજે ગળીના કુંડ ખોદાવી નંખાવ્યા અને કાશીદાસને ત્યાં ધન-ધાન્યના ઢગલા થયા.

૩. સર્વે સત્સંગીઓએ હંમેશા સાયંકાળે મંદિર જવું જોઈએ. (૧/૪)

જ. સાયંકાળે અસૂરોનું બળ વિશેષ હોય છે તેથી વ્યવહારકાર્ય માટે તે સમય નિષેધ છે. સંધ્યા આરતીમાં મહારાજ, અક્ષરબ્રહ્મ અને અનંત મુક્તો સહિત પધારે છે. માટે જરૂરથી સાયંકાળે મંદિરમાં જવું જોઈએ.

**પ્ર.૩ 'દૂબળી ભટ્ટ' (૧૫/૩૪) - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

દૂબળી ભટ્ મૂળ ચાંદગઢના પણ મોટા ગોરખવાળામાં યજમાન વૃત્તિ કરતાં. એમનું ખરૂં નામ તો રણછોડજી મહારાજ પણ શરીર દુર્બળ ને વ્યવહાર દુર્બળ તેથી સૌ દુબળી ભટ્ટ કહેતા. ગઢડામાં મહારાજ સભા ભરીને બિરાજતાં ત્યારે ગઢપુર મંદિર માટે લખણી થતી હતી. ત્યારે દુબળી ભટ્ટે ખચકાતાં પોતાની ચીંથરેહાલ પાઘડીના છેડે બાંધેલી તેર ગાંઠો છોડી મહારાજના ચરણમાં તેર દોકડા મૂક્યા મહારાજે રાજી થઈ ગોપીનાથજી મહારાજની જય બોલાવી. દરબારોને આશ્ચર્ય થયું મહારાજે કહ્યું તમે તમારા ઘરબાર સાચવીને સેવા કરી છે ત્યારે દુબળી ભટ્ટે પોતાનું જે કાંઈ હતું તે મુઠ્ઠી ભેગી કરી સેવા કરી છે. માટે અમારું મંદિર પુરું થયું. બીજા એક પ્રસંગે વેવાઈને ગામ ગયા ત્યારે સવારે નાહી ધોઈને માનસી પૂજા કરવા બેઠાં. વેવાઈ કુસંગી હોવાથી મશ્કરીમાં મૂર્તિ લઈ જોડો મૂક્યો. ભટ્ટજીએ માનસીમાંથી જાગૃત થઈ જોયું તેથી બોલ્યાં 'આ કોની આંખ ફૂટી છે તે મૂર્તિની જગ્યાએ જોડો મૂક્યો.' તુરંત વેવાઈની આંખ બહાર આવીને વેવાઈ અંધ બન્યાં તેવી તેમની ભક્તિની સત્યતા હતી. શ્રીજીમહારાજે એક વાર રાજી થઈને પોતાનો સોનાનો વેઢ ને કડું પ્રસાદી રૂપે આપેલા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તે તે આત્મારૂપે વર્ત્યા કહેવાય. (૧૦/૨૬)

૨. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ સંવત ૧૯૭૮ માગશર સુદ ૮ ના દિવસે ચાણસદમાં થયો હતો. (૧૬/૪૨)

૩. દીક્ષા પછી રાણા રાજગરના બંને ભાઈઓ 'જમતગડા સાધુ'ના નામથી ઓળખાતા. (૧૮/૫૪)

૪. ચાર માસ સુધી સૂવું નહિ અને રાત્રે પલાંઠીવાળી સાથળ ઉપર બે પથ્થર રાખીને મહારાજનું ધ્યાન-ભજન કરવું. (૨૧/૫૮)

૫. વ્યાપકાનંદ સ્વામીએ બોટાદ ગામમાં હમીરખાચરની ઘોડી જીવતી કરી. (૩/૧૪)

**પ્ર.૫** ''એક જણે લાખ.....'' (૨૪/૬૪) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**'એક જણે લાખ રૂપિયાની બુદ્ધિ લીધી તેમ જ મોક્ષની બુદ્ધિ પણ અનેક પ્રકારની મોટા થકી શીખાય છે.'**

પ્રધાનપુત્ર અને રાજકુમાર બંને મિત્રો. એકવાર બીજે ગામ જવા નીકળ્યા. ત્યાં રસ્તામાં જંગલમાં રાત રોકાયા. સવારે ભૂખ લાગવાથી રાજકુમારે મિત્રને બાજુના ગામમાંથી ખાવાનું લઈ આવવા કહ્યું. પ્રધાનપુત્ર નજીકના ગામે ગયો પણ તે ગામના દરવાજા બંધ હતા. ગામનો રાજા નિર્વંશ મૃત્યુ પામ્યો હોવાથી ગામમાં જે પહેલો આવે તેને રાજગાદી મળે તેવું પ્રજાજનોએ નક્કી કર્યું હતું. સવારે દરવાજો ઊઘડ્યો ને પ્રધાનપુત્રે નગરમાં પ્રથમ પ્રવેશ કર્યો, સૌએ તેને રાજા બનાવ્યો. રાજકુમાર મિત્રની રાહ જોઈને થાકીને પ્રધાનપુત્રની શોધમાં તે જ ગામમાં આવતા એક દુકાને પાટિયું વાંચ્યું કે ''અહીં બુદ્ધિ વેચાય છે.'' કુતુહલતાથી રાજકુમાર તે દુકાનમાં જઈ લાખ રૂપિયાની વીંટી આપી બુદ્ધિની માંગણી કરતાં શેઠે કાગળમાં લખી આપ્યું. ''આપણાથી નાનો હોય અને તેને અધિકાર મળ્યો હોય તો તેને નમી દેવું.'' આગળ જતાં રાજકુમારને રાજા તરીકે નીમાયેલા પ્રધાનપુત્રની સવારી મળી. પ્રથમ ક્રોધ આવ્યો પણ ચિઠ્ઠીની વાત યાદ આવતાં નીચા નમી સલામ કરી. પ્રધાનપુત્રે રાજકુમારને સલામ કરતાં જોયો એટલે રાજદરબારમાં આવી તેણે સૌને કહ્યું કે હવે હું રાજા છું તો મારી ઇચ્છા પ્રમાણે કરી શકું છું. એમ કહી તેણે પોતાના મિત્ર રાજકુમારને તેડાવ્યો અને તેને ગાદી સોંપી દીધી. રાજકુમારે બુદ્ધિ ખરીદી અને તેનો ઉપયોગ કર્યો તો રાજગાદી મળી. તેમ આપણું કલ્યાણ થાય તેવી બુદ્ધિ પણ મોટા પુરુષ પાસેથી મળે છે. આપણે તે બુદ્ધિયોગ મેળવવા માટે મોટાપુરુષનો સમાગમ કરીએ તો આપણને અક્ષરધામ મળી જાય.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર, દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર.
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કછુ નહિ હોય, એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. (૭/૧૯)

૨. ભવદુઃખ ટળે બળે સબ દુષ્કૃત, સબવિધિ કારજ સીજે. હો નિશદિન
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે. હો નિશદિન. (૪/૧૬)

૩. દુષ્પ્રાપ્યમન્યૈઃ કઠિનૈરુપાયૈઃ, સમાધિસૌખ્યં હઠયોગમુખ્યૈઃ ।
નિજાશ્રિતેભ્યો દદતં દયાલું, શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ (૬/૧૮)

૪. ગુજરાતી ભાષાંતર : સાક્ષાત્ અક્ષરધામ સમાન સારંગપુરના રમણીય મંદિરમાં અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તથા મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી સહિત સદા વિરાજતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું પ્રણામ કરું છું. (૬/૧૯)

**(વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➫ સ્વામીશ્રી - કોઠારી ગોરધનભાઈને (૨૪/૪૪)
➫ કોઠારીએ સ્વામીશ્રીને કહ્યું : અહીંના સાધુઓ તો તમારું મૂળ ઉખેડી નાખવા તૈયાર થયા છે. તમે જ્યાં જાઓ છો ત્યાં સમૈયા થાય છે. હજારો માણસ તમારામાં ખેંચાય છે, તે તેમનાથી જોવાતું નથી. તેથી આ બધું ઓછું કરો તો ઠીક. ત્યારે

૨. ➫ ભગતજી મહારાજ - આચાર્ય મહારાજને (૧૨/૨૪)
➫ આચાર્ય મહારાજે ભગતજીને કહ્યું : તમે સત્સંગનો વહેવાર સમજો નહીં. વિજ્ઞાનાનંદ સ્વામીનું મંડળ ચલાવનારને ચરણારવિંદ જોઈએ અને ચરણારવિંદ હોય તો જ સાધુઓ તેમની પાસે રહે. ત્યારે ભગતજી તેમને કહે છે.

૩. ➫ રણછોડ ભગત - યોગી સ્વામીને (૪૪/૭૫)
➫ મંદિરના ડેલીમાં સૂતેલા રણછોડ ભગતે રાત્રે જોયું કે ડેલી આપોઆપ ખુલી ગઈ. એક શ્વેત અને દૈવી દેખાય તેવી ગાય સ્વામીશ્રી સૂતા હતા ત્યાં આવી, સ્વામીશ્રીનાં ચરણોમાં માથું નમાવી, ત્રણ વાર નમસ્કાર કર્યા. તેથી ભગતને ખાતરી થઈ કે અડસઠ તીર્થો ગાયનું રૂપ લઈ સ્વામીશ્રીના ચરણોમાં પાવન થવા આવ્યાં છે ત્યારે.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વરતાલમાં પૂનમની સભા કથાવાર્તા વગર વિખરાઈ ગઈ. (૨૬/૪૬)

જ. વરતાલમાં પૂનમની સભામાં આચાર્ય મહારાજ આવ્યા ત્યારે ગલભાઈએ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી અને સૌએ તે ઝીલી. પછી જ સૌને ખબર પડી કે આ તો ભૂલ થઈ ગઈ. પણ હવે શું થાય ? સૌ દાઝના માર્યા હતા તેથી સભા પણ કથાવાર્તા કર્યા વગર જ વિખરાઈ ગઈ.

૨. મોતીભાઈની શંકા દૂર થઈ અને 'શ્રી સારંગપુરની શોભા .....' કીર્તન બનાવ્યું. (૩૬/૬૩-૬૪)

જ. સ્વામીશ્રીએ મોતીભાઈને સારંગપુર મંદિરનું કીર્તન બનાવવાનું કહ્યું અને તેમને સંકલ્પો થવા માંડ્યા. તેથી તેમની મૂંઝવણ દૂર કરવા સ્વામીશ્રીએ તેમને સમાધિમાં ત્રણ શિખરનું ભવ્ય મંદિર સોનાના કળશ સહિત, ધામ-ધામી અને મુક્તની પ્રતિમા અને સિંહાસન સહિત મંદિરનાં દર્શન કરાવ્યાં અને મોતીભાઈના મુખમાંથી 'શ્રી સારંગપુરની શોભા સજી અતિ સારી....' એવી કીર્તનની કડીઓનો પ્રવાહ વહેવા લાગ્યો.

૩. શાસ્ત્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિને પ્રાર્થના કરી, 'હે સ્વામી ! તમારે માટે તો અમે વરતાલથી નીકળ્યા. (૩૪/૬૦)

જ. બોચાસણમાં યજ્ઞમંડપમાંથી સ્વામીની મૂર્તિ મંદિરમાં પધરાવવા માટે હરિભક્તો ઉપાડવા લાગ્યા પણ સ્વામીની મૂર્તિ જરાય ખસતી ન હોવાથી સૌ થાકીને સ્વામીશ્રી પાસે આવીને વાત કરી. સ્વામીશ્રી તરત જ યજ્ઞશાળામાં આવ્યા અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ આગળ ઉપર પ્રમાણે પ્રાર્થના કરી કે તરત જ મૂર્તિ ઊંચી થઈને મંદિરમાં પધરાવી દીધી.

પ્ર.૯ 'જાગા ભક્તના આશીર્વાદ' (૧૮/૩૨) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

જૂનાગઢમાં જાગા ભક્તના આસને કથામાં મોટા મોટા સદ્‌ગુરુઓ તથા હરિભક્તો બેસતા તેથી ઘણા દ્વેષ કરતા. દ્વેષીઓના શબ્દોથી જીભાઈ કોઠારી ભોળવાઈ ગયા અને જાગાભક્તને સભામાં આવવાની બંધી કરી તથા તેમના આસને જવાની તેમ જ કથાવાર્તા કરવાની બંધી કરી. આથી જાગાભક્તને ઘણું જ દુઃખ થયું. આ વાતની રાજકોટમાં સ્વામી યજ્ઞપુરુષદાસજીને ખબર પડતાં જ તેઓ જૂનાગઢ પધાર્યા અને જાગા ભક્તના આસને જવા લાગ્યા. ત્યારે કેટલાકે કહ્યું ત્યાં જવાની બંધી છે. કોઠારીનો હુકમ છે. ત્યારે સ્વામીએ કહ્યું : મારા માટે બંધી નથી. અને જાગાભક્તને મળ્યા તેથી આશ્ચર્ય પામેલા જાગા સ્વામીએ પૂછ્યું તમે અહીં શી રીતે આવ્યા ? અહીં આવવાની તો બંધી છે. ત્યારે સ્વામીએ કહ્યું આજથી બંધી તૂટી. તમે ઉદાસ ન થશો. હું કોઠારીને સમજાવીશ. રાત્રે જીભાઈને એકાંતમાં બોલાવી જાગા ભક્તનો ખૂબ જ મહિમા સમજાવ્યો. તેથી કોઠારીને પોતાની ભૂલ સમજાઈ અને અંતરમાં પસ્તાવો થયો. સવારે પરવારી ને કોઠારીએ જાગા ભક્તના આસને જઈને માફી માંગતા કહ્યું આજથી તમારે આસને બધાને આવવાની છૂટી ને આપ સભામાં પધારી કથાવાર્તા કરો એવી મારી વિનંતી છે. જાગા સ્વામીએ કોઠારીને રાજી થઈને આશીર્વાદ આપ્યા. પછી જ્યારે સ્વામી જાગા સ્વામી પાસે આવ્યા ત્યારે જાગા સ્વામી તેમને ભેટ્યા અને કહ્યું આવ્યો બાપ બહુ રાહ જોવરાવી ? અને બોલ્યા 'ઘણા મુમુક્ષુઓનું મોક્ષનું દ્વાર બંધ થઈ ગયું હતું તે તમે આજે ઉઘાડ્યું. હવે આજથી મારાથી જે જે સત્કર્મ થાય, જે જે જીવનું કલ્યાણ થાય, તે બધાનું પુણ્ય તમને છે.' ત્યારે સ્વામી એટલું જ બોલ્યા કે મારા પર રાજી રહેજો અને દૃષ્ટિ રાખજો. આ પ્રસંગથી સત્સંગમાં એ છાપ પડી કે ''યજ્ઞપુરુષદાસજીની જોડ સત્સંગમાં જડવી મુશ્કેલ છે.'

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સંવત ૧૯૬૩ના વૈશાખ વદ દશમને દિવસે બોચાસણમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. (૩૪/૬૦)

૨. મારો વિધિ પૂરો થઈ ગયો, પ્રતિષ્ઠા થઈ ગઈ, હવે આપણે આવવું નથી. જોગી મહારાજ આવશે અને આરતી ઉતારશે. (૫૮/૯૩)

૩. ગોંડલ મંદિર બાંધવા માટે મહારાજાએ દસ લાખ રૂપિયા ખરચવાની શરત મૂકી. (૪૭/૭૭)

૪. અક્ષરપુરુષોત્તમ મહારાજ સૌ પ્રથમ વઢવાણ મંદિરમાં બેઠા. (૨૫/૪૪)

૫. આ સાધુ મહાન ઈશ્વરાવતાર યોગીન્દ્ર પુરુષ છે અને મહાસમર્થ સંત થશે, (૯/૨૦)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૪૫/૭૫)   **૨.** ૧, ૨ (૨૨/૩૯)   **૩.** ૨ (૩૭/૬૫)

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **વિદ્યારંભ :-** એક વખત ગામમાં **વસોનો** એક માણભટ્ટ, માણ વગાડી **મહાભારતની** કથા કરવા આવ્યો. **ડુંગર** ભક્તને કથાની શૈલી મોંઢે થઈ ગઈ. (૫/૧૧)

૨. **પ્રૌઢ પ્રતાપ :- નિર્મળદાસ** સ્વામીને બોલાવીને વાત કરી કે 'મૂર્તિઓની કિંમત અમે આપીશું. તેથી મૂર્તિઓ કરાવવા **જયપુર** જવાનું થાય ત્યારે અમારો માણસ **જયપુર** આવશે.' (૨૪/૪૩)

૩. **કથીરમાંથી હીરો :-** તેમણે કહ્યું : '**હીરાભાઈ**ને સત્સંગી કરનાર **શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ**ને જો **ભગવત્પ્રસાદજી** મહારાજ હોત તો સત્સંગમાં મોટેરા સ્થાપી, બે જોડ ચરણારવિંદ આપી, ઘણું સન્માન કરત.' (૩૨/૫૭)

૪. **વિરોધનો વંટોળ :-** વરતાલના **બે હજાર** સાધુઓમાં **શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી** જેવો સર્વ પ્રકારે ધન, સ્ત્રીનો ત્યાગી મેં હજુ સુધી કોઈ દીઠો નથી. તેની વાતો મને **સાકરના કટકા** જેવી મીઠી લાગે છે. (૨૭/૪૭)

૫. **ઈન્દ્રને આહ્‌વાન :- પૂનાથી** એક નવા જ હરિભક્ત **ભગવાનદાસ** સ્વામીશ્રીના મહિમાની વાત સાંભળીને આવ્યા હતા. તેમણે સંકલ્પ કર્યો કે '**પૂનામાં** મંદિર થાય અને **શ્રીજીમહારાજનાં** દર્શન થાય તો જ જમવું.' (૪૮/૮૧)

૬. **અંતર ચોખ્ખા કરવાની સાવરણી :-** તમારા **છોકરા** મંદિરમાં **સેવા કરે, સૂઈ રહે,** કથાવાર્તા સાંભળે, નકોરડા ઉપવાસ કરે, તે **બગડ્યા** કહેવાય કે **સુધર્યા ?** (૧૭/૩૧)

❑ ❑ ❑